જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૪૩ લીટર દેશી દારૂ, ૧૦૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૪૦/૧૬**

કૃષ્ણનગર : **મહેન્દ્ર કલાભાઇ સોલંકી (ઉ.વ.૨૧)(રહે,જય અંબે એપાર્ટમેન્ટ, આદિશ્વર બસ સ્ટેન્ડ સામે, કેનાલ પાસે, નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૦/૧૬ રાતના ૩/૦૦ થી ૩/૧૫ વાગ્યા દરમ્યાન જય અંબે ફ્લેટનાં કોમન પ્લોટમાં ઘર નજીક રહેતો નેહલ મહેશભાઇ પટેલનો મસાલો ખાવા બાબતે સુનિલ ઉર્ફે પિન્ટુ સાથે ઝગડો થતાં, મહેન્દ્રનાં મિત્ર કૃણાલ ભગવાનદાસ પાટીલ (ઉ.વ.૧૯)(રહે.જય અંબે એપાર્ટમેન્ટ) નાએ નેહલને ઝગડો નહી કરવાનું કહેતા, બોલાચાલી-ઝગડો થતાં, તેની અદાવત રાખી નેહલ પટેલે તેના ઘરે જઈને ચપ્પુ લઈ આવી, કૃણાલને ડાબા પડખાના ભાગે ચપ્પાનો ઘા મારી ગંભીર પ્રકારની જીવલેણ ઈજા કર્યા બાદ મહેન્દ્ર છોડાવવા વચ્ચે પડતા, મહેન્દ્રને પણ ડાબા હાથનાં અંગુઠા ઉપર ચપ્પા વડે ઈજા કરી નાસી ગયેલ છે. કૃણાલ અને મહેન્દ્રને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લાવતાં, કૃણાલને ફરજ પરનાં ડો.શ્રીએ મૃત જાહેર કર્યો હતો.** આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૮૪૧/૧૬**

જી.આઇ.ડી.સી.વટવા : ભાવનાબહેન વિનોદભાઇ પરમાર (ઉ.વ.૧૭)(રહે,નવી વસાહત, હનુમાન નગરની પાછળ, જશોદાનગર, જીઆઈડીસી વટવા) ને તા.૨૦/૯/૧૬ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સંતોષભાઈ લાલાભાઈ પરમાર (રહે.મુળ વતન ગામઃ નરસાણા, (નાળાવાળુ ફળિયુ, તાઃ શહેરા, જીઃ પંચમહાલ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ભાવનાબહેનની માતા ભુરીબહેન પરમારે તા.૮/૧૦/૧૬ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઝેડ.એ.શેખ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૪૨/૧૬**

ક્રાઇમબ્રાન્ચ : વિવેકભાઇ મહેશચંદ્ર જોહરી (ઉ.વ.૫૦)(રહે, આઇકર વિહાર, આનંદનગર રોડ, સચિન ટાવરની પાછળ, આનંદનગર) એ તા.૮/૧૦/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા એક અઠવાડીયાથી તા.૦૮/૧૦/૨૦૧૬ ના કલાક ૯/૦૯ વાગ્યા દરમ્યાન adultfriendfinder.com નામની વેબસાઇટમાં એક આઇ.ડી.ધારક divyaji10 સાથે ચેટીંગ દરમ્યાન nwallet account માં ૧૦૦ રૂપીયાનું ટ્રાન્જેકશન કરવાનું જણાવતાં, વિવેકભાઇએ ટ્રાન્જેકશનની કોશીષ કરતાં OTP જનરેટ નહી થતા, ટ્રાન્જેકશન થયેલ નહિ અને તા.૦૮/૧૦/૧૬ ના કલાક ૨/૦૮ થી ૫/૨૩ દરમ્યાન કોઇ અજાણ્યા ઇસમે વિવેકભાઇનાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૪,૦૫,૦૦૦/- નું ઓનલાઇન ટ્રાન્જેકશન કરી તથા મો.નં. ૯૭૯૩૧૭૬૬૪૫ ના ધારકે વિવેકભાઇને ધમકી ભર્યા મેસેજો કરી, વિવેકભાઇ સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.ખાંટ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૪૩/૧૬**

વેજલપુર : રાજીવભાઇ રજનીકાંત શાહ (રહે,એસ.બી.આઇ.ઓફીસર સોસાયટી, ચંદ્રનગર ચાર રસ્તા પાસે, નારાયણનગર રોડ, પાલડી) એ તા.૮/૧૦/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૯/૧૬ રાતના ૯/૦૦ થી તા.૨૯/૯/૧૬ ના કલાક ૬/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બહાર પોતાની હોંડા સીટી ગાડી નંબર. જીજે.૦૧.એચ.પી.૯૯૧૧ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૪/૧૬**

**"જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : ઇશાકભાઇ બાબુભાઇ મીર (રહે.જૈન મેટલ પાસે કાચા છાપરાંમાં, નરોડા જી.આઇ.ડી.સી) એ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી., મુઠીયા ગામ રોડ, એક્રોન ફાર્મ કંપની આગળ ધીભાઇ ગીલાભાઇ મીર(બારોટ)(ઉ.વ.૧૭)(રહે.જૈન મેટેલ પાસે, કાચા છાપરાંમાં, નરોડા) પોતાની પેડલ રીક્ષાની ચેઇન ચડાવતો હતો દરમ્યાન એક ક્રેઇન નંબર જીજે.૧૮.એચ.૯૬૦૩ નાં ચાલકે ક્રેઇન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતાં, ધીભાઇને ક્રેઇનનાં આગળનાં વ્હીલથી ટક્કર વાગતાં, પેટના ભાગે ગંભીર ઇજા થતાં, ધીભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૫/૧૬**

**શહેરકોટડા** : હિરલ ડો/ઓફ રાજેન્દ્રકુમાર વ્રજલાલ દંતાણી (ઉ.વ.૧૫)(રહે.સૈયદ રીયાઝ હુસેનની ચાલી, નિર્મળપુરા ચાર રસ્તા પાસે, સરસપુર) એ પોતાની માતાનું તા.૧૫/૯/૧૬ નારોજ મૃત્યુ થતાં, આઘાત સહન ન થતાં તા.૮/૧૦/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે, પોતાની જાત ઉપર કેરોસીન છાંટી, સળગી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજુભાઇ શંકરભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)